જિલ્લામાં અમૂલ ઘી ના ૫૦૦ ગ્રામ પાઉચની અછતથી ડીલરો પરેશાન

ઓર્ડર નોંધાવવા છતાં સમયસર ઘી મળતું ન હોવાની બુમરાણ

બાયડ, તા.૨૧

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં લગ્નની સીઝનમાં અમૂલ ઘી ની જબ્બર માંગ રહ્યા પછી બજારમાં ૫૦૦ ગ્રામ પાઉચની અછત ઉભી થઈ છે. ડીલરો દ્વારા ઓર્ડર નોંધાવવા છતાં ઘી ના પાઉચનો જથ્થો સમયસર મળતો ન હોવાની બુમ ઉઠી છે. જિલ્લામાં અમૂલના ડીલરોને ત્યાં ઘી નો જથ્થો પહોંચતો નથી પરંતુ અન્ય વેપારીઓને ત્યાં ઘી ના પાઉચ મળતાં ઘીના પાઉચની કૃત્રિમ અછત તો ઉભી કરવામાં નથી આવી ને ?? તેવા સવાલ ઉઠી રહ્યા છે. જિલ્લામાં ડીલરોને ત્યાં ૫૦૦ ગ્રામ ઘી ના પાઉચનો જથ્થો મળતો ન હોવાની અનેક ફરિયાદો છતાં ડેરી સત્તાવાળાઓ નરોવા કુંજરોવા કરી રહ્યા છે.

તાજેતરમાં અમૂલ ડેરી દ્વારા ઘી ના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. જિલ્લામાં લગ્નસરાની સીઝન દરમ્યાન તમામ વિસ્તારોમાં અમૂલના શુદ્ધ ઘી ની મોટી માંગ રહ્યા પછી હાલના તબક્કે દૈનિક ૨૨૦૦ લીટર અમૂલ ઘી નું વેચાણ થઈ રહ્યું છે પરંતુ લગ્નની સીઝન પૂર્ણ થયા પછી અનેક વિસ્તારોમાં અમૂલના ૫૦૦ ગ્રામના ઘી નાં પાઉચની તંગીથી ડીલરો હેરાન પરેશાન બની ગયા છે. સમયસર ડેરીમાં ઓર્ડર નોંધાવવા છતાં ઘી ના પાઉચનો જથ્થો ડીલરોના પાર્લર સુધી પહોંચતો ન હોવાની ફરિયાદો વધી છે. શિયાળા દરમ્યાન વસાણાં બનાવવામાં પણ શુદ્ધ ઘી નો વધુ ઉપયોગ થતો હોવાના કારણે મોટાભાગના પ્રજાજનો અમૂલ ઘી ની શુદ્ધતા ઉપર વધુ વિશ્વાસ રાખી ઘીના પાઉચ ખરીદવાનો આગ્રહ રાખતા હોય છે પરંતુ હવે ડીલરોને ત્યાં જ ૫૦૦ ગ્રામના પાઉચ મળતાં ન હોવાની વિગતો સામે આવી છે. કેટલાક ડીલરોએ તો અગાઉથી ઓર્ડર નોંધાવ્યાના એક અઠવાડીયા પછી પણ ઘી ના પાઉચનો જથ્થો જે તે ડીલર સુધી પહોંચ્યો ન હોવાનું બહાર આવ્યું છે. લગ્નસરામાં અમૂલ ઘી ની માંગ વધુ રહ્યા પછી જાણે કે ડેરીમાં ઉત્પાદન ઓછુ થયું હોય તે રીતે શુદ્ધ ઘી ના પાઉચની તંગીએ ડીલરોની મુશ્કેલીમાં વધારો કર્યો છે.

ફેટ લોસના કારણે સામાન્ય અસર - આસીસ્ટન્ટ મેનેજર

જિલ્લામાં અમૂલ ડીલરોને ત્યાં અમૂલ ઘી ના ૫૦૦ ગ્રામના પાઉચની અછત ઉભી થયાની ફરિયાદો સામે આવી છે. સાબરડેરીના માર્કેટીંગ આસીસ્ટન્ટ મેનેજર પાર્થ મકવાણાનો સંપર્ક કરતાં છેલ્લા કેટલાક દિવસોથી ફેટ લોસના કારણે ઘી ઉત્પાદનને સામાન્ય અસર થઈ છે. લગ્નસરાની સીઝનમાં તમામ વિસ્તારોમાં ઘી ની વધુ માંગ હતી જેના કારણે ક્યાંક થોડી ઘણી અછત હોઈ શકે તેમ જણાવ્યું હતું.

પોશીના તાલુકાના અંતરીયાળ ગામડાઓમાં એસ.ટી.ની અપર્યાપ્ત સુવિધાથી ખાનગી વાહન ચાલકોની ઉઘાડી લૂંટ

૧૦ કી.મી.ના અંતરે રુ ૩૦નું ભાડુ વસુલતાં શટલિયાં વાહનો : તાલુકા મથકે જવા મીની બસની સેવાઓ વધારવા માંગ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૧

પોશીના તાલુકાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી.ની અપર્યાપ્ત સુવિધાઓના કારણે આદિવાસી પ્રજા ખાનગી વાહનોમાં લૂંટાઈ રહી છે. તાલુકા મથકે જવા માટે એકમાત્ર ખાનગી વાહનો ઉપર આશરો રાખવો પડતો હોવાથી ૧૦ કી.મી.ના અંતરની મુસાફરીમાં ખાનગી વાહન ચાલકો રુ નું ભાડું વસુલી પ્રજાને ખંખેરી રહ્યા છે. એસ.ટી. વિભાગ દ્વારા અંતરીયાળ વિસ્તારોમાંથી પોશીનાને જોડતી નવી મીની એસ.ટી. બસ શરુ કરવામાં આવે તો ગરીબ પ્રજાને રાહત થઈ શકે છે.

એસ.ટી. નિગમ દ્વારા ટ્રાયબલ વિસ્તારના મુસાફરોને એસ.ટી. બસની પૂરતી સુવિધાઓ મળી રહે તે માટે અગાઉ મીની એસ.ટી. બસ ફાળવવામાં આવી હતી પરંતુ સાબરકાંઠાના આદિવાસી વિસ્તારોમાં મીની એસ.ટી. બસ મરજી મુજબના રુટ ઉપર દોડાવાતી હોવાથી પોશીના તાલુકાના અસંખ્ય ગામોમાં એસ.ટી.ની પૂરતી સેવાઓ પ્રજાને હજુ સુધી મળતી નથી. તાલુકાના મામાપીપણા, આંજણી, લાંબડીયા, પટ્ટા(મુંબરાજ), કોટડા, દેલવાડા વગેરે સ્થળોને પોશીના સાથે જોડતી એસ.ટી. બસની સુવિધા પૂરતી ન હોવાના કારણે આ વિસ્તારોમાં ખાનગી શટલિયાં વાહનોનું એકચક્રી શાસન ઘણા સમયથી ચાલી રહ્યું છે. ગરીબ આદિવાસી પ્રજાને તાલુકા મથકે સમયસર પહોંચવા માટે શટલિયા વાહનોમાં ૧૦ કી.મી.ના અંતરે પણ રુ ૩૦નું ભાડું ચૂકવવાની ફરજ પડતી હોય છે. એસ.ટી. સત્તાવાળાઓ દ્વારા આ વિસ્તારના રુટ ઉપર સર્વે કરી મીની એસ.ટી. બસ શરુ કરવામાં આવે તો ખાનગી વાહનોમાં લૂંટાતી આદિવાસી પ્રજાને ફાયદો થઈ શકે તેમ છે. ઘણા વર્ષોથી ઉપરોક્ત વિસ્તારોમાં તાલુકા મથકે પહોંચવા માટે એસ.ટી.ની સુવિધામાં કોઈ વધારો થયો નથી જેના કારણે શટલિયા વાહનોનો રાફડો ફાટ્યા પછી પ્રજાને ભાડામાં લૂંટાવવાની નોબત આવી છે. આ વિસ્તારમાં એસ.ટી. વિભાગ દ્વારા મામાપીપણા-પોશીના, આંજણી-પોશીના, લાંબડીયા-પોશીના, પટ્ટા-પોશીના, કોટડા-પોશીના અને દેલવાડા-પોશીના રુટ ઉપરથી તાલુકા મથકે પહોંચવા માટે આદિવાસી પ્રજાજનોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે વિભાગ નવી મીની એસ.ટી. બસ શરુ કરાવે તેવી માંગ થઈ છે.

રજૂઆત મળે નવા રુટ વિચારાશે - એસ.ટી. વિભાગીય વડા

એસ.ટી. વિભાગીય વડા સંદીપભાઈ પટેલે જણાવ્યું હતું કે પોશીના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી.ની અપર્યાપ્ત સુવિધા અંગે અમને રજૂઆત મળે નવા રુટ બાબતે વિચારવામાં આવશે.

ભિલોડાના હિંમતપુર મુકામે નેત્ર નિદાન કેમ્પ સંપન્ન

જલારામ સેવા ટ્રસ્ટ મેઘરજ. શામળાજી પ્રદેશ ભક્ત મંડળ ના પ્રમુખ મનુ મહારાજ. જીવદયા પ્રેમી નિલેશ જોશી. ની ભક્તો દ્વારા નેત્રદાન કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું જેમાં જરૂરિયાતમંદ દર્દીઓ વાઘપુર .નારણપુર .કુંડલા. દેવની મોરી .નવલપુર .ના ૨૩૪.જરૂરીયાત મંદ દર્દીઓએ પોતાની આંખોની ચકાસણી કરવાની હતી જેમાં ૨૬. દર્દીઓને મોતિયા નું ઓપરેશન કરવા મેઘરજ મુકામે લઈ જવામાં આવશે જ્યારે આંખોની એલર્જી વાળા દર્દીઓને દવા ફ્રી આપવામાં આવી હતી દૂર અને નજીકના ચશ્મા . ૧૯૪. ઉપરાંત દર્દીઓને રાહત દરે ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું .આ કેમ્પમાં જલારામ સેવા ટ્રસ્ટના પી.આર.ઓ ભીખુભાઈ બામણીયા. ડોક્ટર મોસમી બંગા ડોક્ટર પ્રાચી જોશી સમગ્ર કેમ્પના જરૂરિયાત દર્દીઓને ચેક કરવામાં આવ્યા હતા સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયંતીભાઈ ઠાવરાજી દ્વારા કરવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના વડગામ પંથકના પેપોળમાં ખેડૂતે પપૈયામાં કાઠું કાઢ્યું

પાલનપુર તા.૨૧

વડગામ તાલુકાના સરસ્વતી નદીને કાંઠે આવેલા પેપર ગામના વતની જશવંતભાઈ ગંગારામભાઈ પંચાલ મહેસાણા ખાતે સ્ટીલ ફેબ્રિકેશનનો ધંધો છોડી ચાર વર્ષ અગાઉ તે પોળ ગામમાં ખેતીમાં ફરવા ગયા હતા અને પોતાની ૨૦ વીઘા જમીનમાં ખેતી કરી વધુ આવક મેળવવા બાગાયત ખેતી કરવા તરફ વિચાર્યું હતું. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જશવંતભાઈએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાંજણાવ્યું હતું કે ,સારી ખેતી કરવા માટે મેં કેટલાક સફળ ખેડૂતોની મુલાકાતથી જે માં સાબરકાંઠા જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોની મુલાકાત લઈ મારા ખેતરમાં પપૈયાના પાક માટે મન બનાવ્યું અને દાંતીવાડા નિષ્ણાત ડોક્ટર એફ.કે.ચૌધરીના માર્ગદર્શન હેઠળ તાઈવાન રેડ લેડીની પપૈયાની જાતના રોપા ૧૭ વીઘા જમીનમાં ૭×૫.૫ ફૂટના ગાળે પપૈયાના છોડની ખેતી કરી. ખેતીમાં રાસાયણિક ખાતરો નો ૫૦% ઉપયોગ ઘટાડી પાકની જીવામૃત ગૌમૃત વનસ્પતિજન્ય કિટનાશકો તેમજ જમીનને ઉપયોગી રાઈઝો બેક્ટેરિયા તેમજ ફોસ્ફેટ ઓગળનાર સૂક્ષ્મ જીવાણુઓનો ઉપયોગ કરી પપૈયાના દુશ્મન એવા કૃમિના નિયંત્રણ માટે પપૈયાની વચ્ચે ગલગોટા પિંજર પાક તરીકે ૮૦૦૦ છોડ વાવ્યા. આમ ૮ લાખના ખર્ચ સામે ૫૦ લાખની માર્ચ પર આવક મેળવી છે."

વડગામ કોંગ્રેસ સમિતિ દ્વારા

ગુજરાત સરકારના મંત્રી જગદીશ વિશ્વકર્મા દ્વારા બોલાયેલ શબ્દોની લઈ મામલતદારને ઉગ્ર રજૂઆત...

આગામી સમયમાં માફી નહિ માંગે તો આંદોલનની ચીમકી ઉચ્ચારી

પાલનપુર તા. ૨૧

વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા જગદીશ વિશ્વકર્મા દ્વારા થોડા દિવસ પહેલા બોલાયેલ શબ્દોની લઈ બજાર માં રેલી યોજી મામલતદારને લેખિત રજૂઆત કરાઈ હતી. અને આગામી સમયમાં માફી નહિ માંગે તો આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા થોડા દિવસ પહેલા ગુજરાત રાજ્યના મંત્રી જગદીશ વિશ્વકર્મા દ્વારા બોલાયેલા શબ્દોને લઈ મામલતદારને રજૂઆત કરાઈ હતી. ત્યારે કોંગ્રેસ સમિતિ દ્વારા રજૂઆતમાં જણાવ્યું હતું કે, જગદીશ વિશ્વકર્માએ થોડા દિવસ પહેલા પોતાના વતન વરણાવાડા ગામની મુલાકાત લીધી હતી. તે સમયે તેમણે ભાજપને મત ન આપનાર વડગામ વિધાનસભાની તમામ જનતાએ રાષ્ટ્ર સાથે ગદ્દારી કરી છે તેવા શબ્દો બોલ્યા હતા. અને ભારત એ લોકશાહી દેશ છે. લોકોનો મત એ સર્વોપરી હોય છે. કોને મત આપવો અને કોને ન આપવો એ દરેકનો વ્યક્તિગત વિષય છે. પરંતુ આ રીતે વડગામ વિધાનસભાની જનતાએ રાષ્ટ્ર સાથે ગદ્દારી કરી એ પ્રકારના સર્ટીફીકેટનું વિતરણ કરીને પ્રજાને આડકતરી રીતે ડરાવા-ધમકાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. અને વડગામના મતદાતાઓનું અપમાન કર્યું છે. જેને લઈ વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા કોઈ કાળે આવું ચલાવી લેવામાં નહીં આવે અને આગામી સમયમાં માફી નહિ માંગે તો આંદોલન ની ચીમકી ઉચ્ચારી હતી.ત્યારે આં રજૂઆતમાં વડગામ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અશરફ ભાઈ,રફીખાન પઠાણ,યુવા પ્રમુખ ફિર્દોસ ભાઈ, ફતાભાઈ કરેણ, મફાજી, સતિશભાઈ વણસોલા સહિત કોંગ્રેસ સમિતિના કાર્યકરો હાજર રહ્યા હતા.

સાબરકાંઠા જિલ્લા આરોગ્ય વિભાગ હવે ઓછા જન્મદર ધરાવતા ગામના સરપંચો સાથે બેઠક કરશે

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લામાં પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટીના ચેરપર્સનશ્રી કુ કૌશલ્યા કુવરબાની અધ્યક્ષતામાં રોજ આરોગ્ય શાખા જિલ્લા પંચાયત ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગત બેઠકની કાર્યવાહી નોંધ વંચાણે લઈ નવીન સોનોગ્રાફી રજીસ્ટ્રેશન માટે આવેલ દરખાસ્તને બારીકાઈથી તપાસીને નવા ત્રણ સોનોગ્રાફી રજીસ્ટ્રેશનની મંજુરી આપવામાં આવી હતી. તેમજ પાંચ સોનોગ્રાફિ રીન્યુઅલની દરખાસ્તનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત તાલુકા હેલ્થ ઓફિસર દ્વારા કરવામાં આવેલા સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાનની વિગતો બેઠકમાં રજૂ કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીશ્રી ડૉ.રાજ સુતરીયાએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં જાતિપ્રમાણ વધે તે માટે પીસી એન્ડ પીએન ડીટી કમિટિ થકી અવનવા પ્રયત્નો થાય એ અપેક્ષિત છે. જિલ્લાના દરેક ગામમાં સ્ત્રીભ્રુણહત્યાનું પ્રમાણ ઘટે તે માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ઓછા જન્મદર ધરાવતા ગામોનું સર્વે કરવામાં આવશે અને સરપંચો સાથે બેઠક કરી સ્ત્રીજન્મદર વધારવા અંગેના પ્રયત્નો હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લાના દરેક ગામનું જાતિપ્રમાણની વિગતો મેળવી તેવા ગામ અને શહેરી વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા આવનાર સમયમાં જાગૃતિ કાર્યક્રમો કરવામાં આવશે. જે ગામમાં જાતિપ્રમાણ દર વધુ હશે તે ગામને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ બેઠકમાં અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ચારણ, ગાયનેકોલોજીસ્ટશ્રી,સીવીલ હોસ્પિટલ,હિંમતનગર, પેથોલોજીસ્ટશ્રી , બાળ રોગ નિષ્ણાતશ્રી, જિલ્લા સરકારી વકિલશ્રી તથા સંબંધિત અમલીકરણ અધિકારી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

બી.બી.એ., બી.સી.એ., એમ.એસ.સી (સીએ. એન્ડ આઈ.ટી) કોલેજ, મોડાસાના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા કેમ્પ યોજાયો

મોડાસા, તા. ૨૧

ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, મોડાસા થી શ્રી ભરતભાઈ પરમાર તથા તેમની ટીમ દ્વારા શ્રી બી. એચ. ગાંધી બી.બી.એ કોલેજ, માતૃશ્રી એલ. જે. ગાંધી બી.સી.એ કોલેજ તથા શ્રીમતિ વી. વી. શાહ (એમ.એસ સી.(સી.એ એન્ડ આઈ.ટી) કોલેજ, મોડાસા દ્વારા થેલેસેમીયા કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજના ૯૦% વિદ્યાથીઓ એ થેલેસેમીયા પરિક્ષણ કરાવીને આ કેમ્પને અદભુત સફળતાં અપાવી હતી. જેમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી દ્વારા મહત્વની બાબતો જેવી કે ''પહેલા થેલેસેમીયા પરિક્ષણ પછી જ સગાઈ'' થેલેસેમીયા માઈનર એ કોઈ રોગ નથી પરંતુ થેલેસેમીયા મેજર એક જીવલેણ રોગ છે આ અંગે માર્ગદશન આપવામાં આવેલ જેમાં મંડળના માનદ્‌મંત્રીશ્રી અરવિદભાઈ જે. મોદી તથા શ્રી રમેશભાઈ પી. શાહ દ્વારા વિદ્યાથીઓને થેલેસેમીયા શું છે તે અંગે માહિતગાર કયા હતા. જેમા બી.બી.એ. કોલેજના આચાર્યશ્રી ડૉ. તુષાર અમે. ભાવસાર, બી.સી.એ કોલેજના આચાર્યશ્રી ડૉ. જયદીપભાઈ ત્રિવેદી તથા એમ.એસ.સી. (સી.એ એન્ડ આઈ.ટી) કોલેજના કા. આચાર્યશ્રી અર્પિત એ. જોષી તથા ત્રણે કોલેજ સ્ટાફે આ કેમ્પને સફળ બનાવવા શ્રેષ્ઠ કામગીરી કરી હતી.

તલોદ ખાતે ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ યોજાયો

તલોદ તા ૨૧

સાબરકાંઠા જિલ્લાના તલોદ ખાતે આવેલ આમજનતા સોસાયટી ખાતે મહેશભાઈ રાવલ પરિવાર દ્વારા ૧૬ ડિસેમ્બર થી ૨૨ ડિસેમ્બર સુધી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું આયોજન કરવામાં આવ્યું હતું આ ભાગવત સપ્તાહ માં જાણીતા કથાકાર રમેશભાઈ ભટ્ટ કોસંબા વાળા દ્વારા વ્યાસપીઠ પર થી કથા સંભળાવી શ્રોતાગણ ને બપોરના અઢી વાગ્યા થી સાંજના સાડા પાંચ સંગીત ની સુરાવલી સાથે રસપાન કરાવતા વાગ્યા સુધી મંત્રમુગ્ધ કરી દીધા હતા અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું કથા શ્રવણ દરમ્યાન શ્રોતાગણ થી સમગ્ર સભામંડપ ભરાઈ જતો હતો અને ખાસ મહિલા ભક્તો ની હાજરી સવિશેષ જોવા મળી હતી

રૂપાલ ઝાંઝરી મંદિરે યોજાયેલ રામકથામાં શ્રદ્ધાળુ શ્રાવકો મોટી સંખ્યામાં ઉમટ્યા

શ્રી રામ જન્મોત્સવ કથા પ્રસંગની ઉત્સાહભેર ઉજવણી...

ગાંભોઈ, તા.૨૧

હિંમતનગર તાલુકાના રૂપાલ ગામે પ્રાચીન ઐતિહાસિક પ્રસિદ્ધ ઝાંઝરી માતાજી મંદિર ખાતે શ્રી રામ પરાયણ જ્ઞાનયજ્ઞ સમિતિ તથા મહંતશ્રી યોગીરાજ તેમજ શ્રદ્ધાળુ ધર્મપ્રેમી શિષ્યવૃંદના સંયુક્ત ઉપક્રમે નવ દિવસીય શ્રી રામપરાયણ જ્ઞાનયજ્ઞ કથાનો શનિવારથી પ્રારંભ કરવામાં આવ્યો છે. રૂપાલના મનહરકુંવરબા લાલસિંહજી રહેવર પરિવારના મુખ્ય યજમાન પદે યોજાયેલ આ કથાની વ્યાસપીઠ પર મહામંડલેશ્વરશ્રી અવધ કિશોરદાસજી બાપુ કથાનું તેમની આગવી શૈલીમાં રસપાન કરાવી રહ્યા છે. ધર્મપ્રેમી જનતા મોટી સંખ્યામાં કથા શ્રવણનો લાભ લઈ ધન્યતા અનુભવી રહી છે. કથા દરમિયાન જન્મોત્સવ નિમિત્તે રૂપાલકંપાના અગ્રણી ગંગારામભાઈ દિવાણી પરિવાર દ્વારા શ્રી રામ જન્મોત્સવની ઝાંખી કાઢી આબેહૂબ કથા શ્રાવકો સમક્ષ રજૂ કરી હતી. કથાના આયોજક મંદિરના મહંતશ્રી યોગીરાજ મહારાજે આ પ્રસંગે જણાવેલ કે નવ દિવસ ચાલનાર આ કથાની આગામી તારીખ ૨૫મી ડિસેમ્બર ૨૦૨૨ને રવિવારના રોજ પૂર્ણાહુતિ થશે. કથા દરમિયાન રામજીવન ચરિત્રને આવરી લેતા વિવિધ પ્રસંગોની ઝાંખીઓ રજૂ કરવામાં આવશે. આ કથામાં ગુજરાતભર માંથી આમંત્રિત સાધુ-સંતો ઉપસ્થિત રહી આશીર્વચન આપશે.

પાલીતાણા દેરાસરમાં તોડફોડનો ડીસામાં જૈન સમાજ દ્વારા ઉગ્ર વિરોધ

કસૂરવારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ : આજે બંધ પાળી શહેરમાં રેલીનું આયોજન

ડીસા, તા. ૨૧

પાલીતાણાના જૈન દેરાસરમાં અસામાજિક તત્વોએ કરેલી તોડફોડના ડીસા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં પણ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. જેમાં આજે ડીસા ખાતે જૈન સમાજે વિરોધ દર્શાવ્યો હતો અને શ્રી શત્રુંજય ગિરિરાજની પવિત્રતા તથા અસામાજિક તત્વોથી સુરક્ષિત રાખવા માટે બેઠક યોજી હતી.

પાલિતાણાના વિખ્યાત જૈન દેરાસરમાં થયેલી તોડફોડને લઈ સમગ્ર ગુજરાતના જૈન સમાજમાં ભારે રોષ વ્યાપ્યો છે. જે અંતર્ગત આજે ડીસામાં પણ જૈન સમાજ દ્વારા બેઠક યોજવામાં આવી હતી. અને પાલીતાણાના જૈન દેરાસરમાં અસામાજિક તત્વોએ કરેલી તોડફોડની ઘટના સામે વિરોધ દર્શાવી આવા તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ કરી હતી. શ્રી શત્રુંજય ગીરીરાજની પવિત્રતા જળવાઈ રહે અને અસામાજિક તત્વો ફરી આવી ગુસ્તાખી ન કરે, તેમજ તેને સુરક્ષિત કરવા માટે સરકાર પાસે માંગ કરી હતી.આ સિવાય જૈન સમાજ દ્વારા આવતીકાલે તમામ ધંધા રોજગાર બંધ રાખી ભવ્ય રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જેમાં આવી ઘટના સામે વિરોધ પ્રદર્શન કરાશે અને સરકારને આવેદનપત્ર આપી આવા તત્વોને નાબૂદ કરવા અને ફરી આવી ઘટના ન બને તે માટે તંત્રને રજૂઆત કરાશે.

સાબરકાંઠા આરટીઓ કચેરી ખાતે વારંવાર સર્વર ડાઉન થતાં અરજદારોને હાલાકી

તલોદ. તા ૨૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલ આર ટી ઓ કચેરી ખાતે સર્વર ડાઉન હોવાના કારણે જિલ્લા ભરમાં થી ડ્રાઈવિંગ લાઈસન્સ મેળવવા માટે ટેસ્ટ આપવા માટે આવેલા અરજદારો ભારે હાલાકી અનુભવી રહ્યા હોવાનું જાણવા મળે છે

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લા માંથી વિભાજન પામેલ અરવલ્લી જીલ્લા માં આરટીઓ કચેરી કાર્યરત થઈ છે પરંતુ ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે જરૂરી ટેસ્ટ આપવા માટે અને આરટીઓ ને લગતા કામો જેવા કે ડુપ્લીકેટ લાયસન્સ મેળવવા વાહન પર લીધેલ લોન પુર્ણ થઈ ગયા બાદ એચ પી કેન્સલ કરાવવા નવીન ડ્રાઈવિંગ લાયસન્સ મેળવવા માટે ટેસ્ટ આપવા માટે સાબરકાંઠા અરવલ્લી જીલ્લાના અરજદારો ને ઓન લાઈન એપોઈન્ટમેન્ટ મેળવી હિંમતનગર આરટીઓ કચેરી ખાતે આવવુ પડતું હોય છે આરટીઓ કચેરી ખાતે છેલ્લાં કેટલાક દિવસોથી સર્વર ડાઉન હોવાનાં ગાણા ગાઈ રહ્યા હોવાથી મેન્યુઅલ ટેસ્ટ લેવા ની બદલે સત્તાવાળા દ્વારા આવતા ઓન લાઈન એપોઈન્ટમેન્ટ લઈ ટેસ્ટ આપવા માટે આવેલા અરજદારો ને આવતા અઠવાડીયે બોલાવતા દુર દૂર થી આવતા અરજદારો ભારે હાલાકી ભોગવી રોષ ની લાગણી ફેલાઈ છે